ગાંધીનગર સમાચાર

ગ-૨ સર્કલ પાસે પાણીની લાઇનમાં લીકેજ સર્જાતા ચોમેર પાણી ફરી વળ્યુ



નવા પ્રવેશદ્વારનો પ્રારંભ - વિધાનસભા-સચિવાલય સંકુલના બે નવા પ્રવેશદ્વારો સ્પીકર્સ કોન્ફરન્સના પગલે ખુલ્લા મુકાયા છે. નવા નક્કોર માર્ગો સાથે ખુલ્લા મુકાયેલા પ્રવેશદ્વારોથી સંકુલની સુંદરતામાં વધારો થયો છે... અવરજવર માટે પણ સુવિધા વધતા વી.આઈ.પી. અને વી.વી.આઈ.પી. માટે વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની સુગમતા પડશે. સ્પીકર્સ કોન્ફરન્સના દેશભરમાંથી વિધાનસભાના ૭૦ અધ્યક્ષ-ઉપાધ્યક્ષો અને ૧૦૦થી ઉપરાંતના અધિકારીઓ આજકાલ ગાંધીનગરના મહેમાન છે ત્યારે પાટનગરની સુંદરતામાં વધારો કરતા પ્રવેશદ્વાર સંકુલની નવી ઓળખ બને છે... **(તસવીર : દિપક જાની)**

# આજે જિલ્લા પંચાયતની પ્રથમ સભા

**પંચાયતની નવ સમિતિઓની રચના અને પાંચ સભ્યોની નિયુક્તીનો મુદ્દો જ છવાયેલો રહેશે : સમિતિઓની રચના અંગે કોંગ્રેસી સભ્યોમાં ભારે ખેંચતાણ : નિરીક્ષકો દ્વારા આખો દિવસ કવાયત ચાલી**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની નવી રચાયેલ પંચાયતની આજે પ્રથમ સભા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોરની અધ્યક્ષતામાં બપોરે ૩ વાગે મળશે.

આ પ્રથમ સભા હોવાથી જિલ્લા પંચાયતની નવ સમિતિઓની રચના એ રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જગાવી છે. કોંગ્રેસ પક્ષમાં સમિતિઓની રચનાને લઈ ભારે ખેંચતાણ જોવા મળતાં આજે આખો દિવસ પક્ષના નિરીક્ષકોએ પ્રદેશ કક્ષાએ ચર્ચા-વિચારણા કરી હતી.

પક્ષના અસંતુષ્ટ જૂથના સભ્યોએ સાત સમિતિઓની માંગણી કરી હતી અને પ્રમુખની ચૂંટણી વેળાએ સમાધાન થયું હતુ. અસંતુષ્ટ જૂથે કારોબારી, શિક્ષણ, સામાજિક ન્યાય અધિકારીતા, બાંધકામ, ખેતીવાડી અનો ઉત્પાદન સહકાર સમિતિ, અપીલ સમિતિ અનો ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિની માંગણી કરી છે.

મળતી વિગતો પ્રમાણે કારોબારી, અપીલ શિક્ષણ અને સામાજિક ન્યાય અધિકારીતા સમિતિની અવધિ ૨ાા વર્ષની નિયત કરવામાં આવી છે. જ્યારે બાંધકામ અને આરોગ્ય સમિતિની અવધિ બે વર્ષની અને મહિલા-બાળવિકાસ તેમજ ખેતીવાડી ઉત્પાદન સમિતિની અવધિ એક વર્ષની નિયત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સામાન્ય સભાનો હોલ હવે નાનો પડશે !

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતનાં ત્રણ સભ્યોની સંખ્યા વૃદ્ધિ સાથે પંચાયતનું કદ ૩૦ સભ્યોનું થયું છે.

પંચાયતની સામાન્યસભા માટે બનાવવામાં આવેલ સરદાર હોલ હવે આ સભ્યો માટે નાનો પડશે.

હાલ વિપક્ષને બેસવા માટે સામે જગ્યા ફાળવવામાં આવી છે. જ્યારે પાંચ સભ્યો જે નિયુક્ત થશે તેમને ક્યાં બેસાડવા તેનો પ્રશ્ન ઉભો થશે. સભ્યોની પાછળની લાઈનમાં શાખાધિકારીઓ બેસતા હોય છે. હવે પાંચ સભ્યો વધશે એટલે હાલની વ્યવસ્થા બદલાશે કે નવુ સ્થળ પસંદ કરાશે તેને લઈ પણ અટકળો શરૂ થઈ ગઈ છે.

# શહેરીજનોને પ્રથમ ત્રણ મહીના ફ્રી સાયકલ સર્વિસ ઉપલબ્ધ થશે

**સેકટરોના પ્રત્યેક સાયકલ સ્ટેન્ડ પર ૧૦ સાઇકલો મુકાશે : ટુંકમાંજ સાયકલ શેરીંગ પ્રોજેકટ અમલી બનાશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ગુડા દ્વારા સાયકલ શેરીંગ પ્રાજેક્ટ શરૂ કરવા માટે પુર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પ્રોજેકટને અનુલક્ષી આયોજન આખરી કરી દેવામાં આવ્યુ છે. શરૂઆતના પ્રથમ ત્રણ મહીના નાગરિકો માટે વિના મુલ્યે સાયકલ સવારી નસીબ થશે. ગુડા દ્વારા પ્રત્યેક સ્ટેન્ડ પર ૧૦ સાયકલ મુકવામાં આવશે. ટુંકમાં જ સાયકલ શેરીંગ પ્રોજેકટ અમલી બનશે.

વૃક્ષોની હારમાળા વચ્ચે પથરાયેલા હરિયાળા ગાંધીનગરમાં વૈભવી કારની સાથે હવે સાયકલો પણ દોડતી જોવા મળશે. ગુડા દ્વારા શહેરમાં સાયકલ શેરીંગ પ્રોજેકટ અમલી બનાવવા મોટાભાગની તૈયારીઓ પુર્ણ કરી દેવામાં આવી છે. આ પ્રોજેકટને અનલક્ષી તંત્ર દ્વારા વિવિધ ૧૦ ઠેકાણે સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે. સેકટર ટુ સેકટર જવા માટે નાગરિકોને સાયકલની સવારી મળી રહે તે માટે નિયત સ્થળે સાયકલ સ્ટેન્ડ મુકવામાં આવ્યા છે. જયારે સ્વર્ણિમ પાર્કની આસપાસ પણ સાયકલ ટ્રેક તૈયાર કરી દેવામાં આવ્યો છે. સાયકલ ટ્રેકને ધ્યાને લઈ તંત્ર દ્વારા સાઈન બાર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે. સાયકલ શેરીંગ પ્રોજેકટનો ટુંકમાં પ્રારંભ કરવામાં આવશે ત્યારે તેને અનુલક્ષી પુર્વ તૈયારીઓ પણ ચાલી રહી છે. શહેરમાં પ્રથમ ત્રણ મહીના નાગરિકોને ફ્રી સાયકલ સવારી ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા દ્વારા શહેરમાં ૧૦ જેટલા સાયકલ સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે. જયારે દરેક સ્ટેન્ડ પર ૧૦ સાયકલ પણ મુકવામાં આવશે.સાયકલ શેરીંગ પ્રોજેકટનો લાભ લેવા માટે નાગરિકે પોતાનુ આઈ ડી પ્રુફ પણ રજુ કરવાનુ રહેશે. શહેરમાં આગામી ફેબ્રુઆરી મહીના સુધીમાં સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરી દેવામાં આવે તેવી શકયતા છે.

# દેશભરની વિધાનસભાઓના સચિવોનું સંમેલન

**નવીન વિચારો-અનુભવોના આદાન પ્રદાન થકી વિધાનસભાની કામગીરી વધુ અસરકાર બનાવી શકાય : રાજ્યસભાના મહાસચિવ શરીફ**

ગાંધીનગર, તા. ૨૧

નવીન વિચારો અને અનુભવોના આદાન પ્રદાન થકી રાજ્યસભા, લોકસભા તેમજ દેશભરની વિધાનસભાઓની કામગીરીને વધુને વધુ અસરકારક બનાવી શકાય તેમ આજે ગાંધીનગર ખાતે યોજાયેલા વિધાનસભાઓના સચિવશ્રીઓના ૫૬માં સંમેલનમાં રાજ્યસભાના મહાસચિવશ્રી શમશેર કે. શરીફે સંબોધન કરતાં કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આજના સંમેલનમાં દેશભરમાંથી ઉપસ્થિત વિધાનસભા સચિવશ્રીઓ વિધાનમંડળોના કાર્યો ઉપર વિચાર વિમર્શ કરીને, વિધાનસભાની કામગીરીમાં પડતી મુશ્કેલીઓ-સમસ્યાઓને ઝડપી અને સરળ રીતે ઉકેલી શકાય અને તેના દ્વારા લોકતંત્ર તેમજ લોકશાસનને વધુ મજબૂત કેવી રીતે બનાવી શકાય તે બાબત ઉપર ભાર મુકવામાં આવશે. વિધાનમંડળોના કામકાજમાં સમય સમય પ્રમાણે ઉભા થતા નવા પ્રશ્નોનું સાથે બેસીને નિરાકરણ લાવી પ્રક્રિયાને વધુ સરળ અને પરિણામલક્ષી બનાવવી તે આજના સંમેલનનો મુખ્ય હેતુ છે. મહાત્મા ગાંધીજીની ભારતીય સંસદની પરિકલ્પનામાં સંસદ એટલે જ 'સ્વરાજ' તેને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા સાથે મળીને પ્રયત્નો કરવા પડશે.

લોકસભાના મહાસચિવશ્રી અનુપ મિશ્રાએ જણાવ્યું હતું કે ગુજરાતે દેશને ઘણા પ્રભાવશાળી મહાનુભાવો આપ્યા છે. ગુજરાત એ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ ભૂમિ છે. મહાત્મા ગાંધીના જન્મ દિવસ ૨ ઓક્ટોબરને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.




અત્યાર સુધીમાં અગાઉ યોજાઈ ગયેલી તમામ સંમેલનોના ફળદાયી પરિણામો ખૂબ જ સારા પ્રમાણમાં મળ્યા છે અને જેના ભાગરૂપે લોકસભાની કાર્યપ્રણાલી વધ પ્રભાવી બની છે.

આ સંમેલનમાં ગુજરાત વિધાનસભાના સચિવશ્રી ડી.એમ. પટેલે સ્વાગત પ્રવચન કરીને ગુજરાતના ભવ્ય સાંસ્કૃતિક, ઐતિહાસિક અને રાજકીય વારસાનો પરિચય આપીને વર્તમાન ગુજરાતની વિકાસગાથા-સિદ્ધિઓ રજૂ કરી હતી.



## બેસણું



અમારા લાડલા પુત્ર **ચિ. દેવાંશનો** તા. ૧૯/૧/૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેના પરમ આત્માની શાંતિ અર્થે **તા. ૨૨/૧/૨૦૧૬ના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે બેસણું** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :**
જયેશ કનુભાઈ પટેલ
'તથાતા' પ્લોટ નં. ૧૦૯૭
સેક્ટર નં.૨/ડી,
ચ-૨ સર્કલ પાસે,
ગાંધીનગર

**લિ.**
કનુભાઈ એન. પટેલ
જયેશ કનુભાઈ પટેલ
ભાવેશ કનુભાઈ પટેલ
રજનીકાંત રતિલાલ પટેલ
વિધાતા એસોસીએટ્સ પરિવાર

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ**

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર. ટેલીફોન : ૨૩૨૨૦૫૨૫

**સભાસદો માટે**

મંડળીના સભાસદોને ભેટ આપવાનું શરૂ કરવામાં આવેલ છે. તા. ૨૦/૨/૨૦૧૬ સુધીમાં દરેક સભાસદે શેર સર્ટીફિકેટ સાથે લાવીને નીચેના સમયમાં પોતાની ભેટ મેળવી લેવાની રહેશે. જણાવેલ તારીખ પછી ભેટ મળવાપાત્ર રહેશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

**ભેટ મેળવવાનો સમય**
**સવારે : ૮-૩૦ થી ૧૨-૦૦ ● સાંજે : ૨-૦૦ થી ૫-૩૦**

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515


# ગ-૨ સર્કલ પાસે પાણીની લાઈનમાં લીકેજ સર્જાતા ચોમેર પાણી ફરી વળ્યુ

**પાણીના નિકાલ માટે ડીવાઈડરમાં ગાબડુ પાડવાની ફરજ પડી**



ગાંધીનગર તા ૨૧

શહેરના ગ-૨ વિસ્તારમાં આજે ફરિ એકવાર પાણીની લાઈનમાં લીકેજ થતા આ ઠેકાણે પાણી પાણી થઈ ગયુ હતુ. છેલ્લા બે દિવસમાં સતત પાણીની લાઇનમાં બીજીવાર લીકેજ થતા તંત્રની ટીમ દોડતી થઈ ગઈ હતી.લીકેજમાંથી ફોર્સથી આવતા પાણીના નિકાલ માટે ગટરચેમ્બર ખુલ્લી કરવી પડી હતી.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કર્યા બાદ સેકટરોમાં ફોર્સથી પાણી આપવામાં આવતુ હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહયો છે. ત્યારે પાણીની સપ્લાય લાઇનમાં છાશવારે સર્જાતા લીકેજની સમસ્યાના લીધે પાણી વિભાગના અધિકારીઓ માટે નવો શિરદર્દ ઉભો થયો છે. શહેરમાં છેલ્લા બે દિવસમાં પાણીની લાઈનમાં બે લીકેજીસ સર્જાયા છે. ચ-૩ સર્કલ પાસે પણ પાણી સપ્લાયની લાઇનમાં લીકેજ થતા તંત્રની ટીમે મોડી રાત સુધી ઓપરેશન કરી લીકેજની સમસ્યા નિવારી હતી. જયારે હજુ પણ આ વિસ્તારમાં માર્ગ વચાળે અન્ય એક લીકેજને ડામવા માટે બે દિવસનુ અભિયાન હાથ ધરવામાં આવશે. આજે પણ શહેરના ગ-૨ વિસ્તારમાં પાણીની લાઇનમાં લીકેજ થવાના લીધે માર્ગ પર પાણી પાણી થુઈ ગયુ હતુ. લીકેજના સમારકામ માટે કામે લાગેલી તંત્રની ટીમે માર્ગ વચાળેના ડીવાઈડરને તોડી લીકેજની સમસ્યાને દુર કરવા કામ કરવાની ફરજ પડી હતી. આ વિસ્તારમાં ચોમેર પાણી પાણી થતા રાહદારીઓએ પણ હાલાકી વેઠવી પડી હતી.


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


# જિલ્લા પંચાયતની પ્રથમ સભામાં જ પ્રશ્નોત્તરી નહિ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે પ્રથમ સભામાં જ સભ્યો તરફથી પ્રશ્નો નહિ આવતાં પ્રશ્નોત્તરી વિના શરૂ થશે.

ગાંધીનગર જિલ્લાની નવી રચાયેલ પંચાયતની પ્રથમ સભા આજે પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે બપોરે ૩ વાગે મળશે. સામાન્યસભામાં પ્રથમ કલાક પ્રશ્નોત્તરી માટે હોય છે પરંતુ સભ્યો તરફથી એક પણ પ્રશ્ન આવ્યો ન હોવાથી હવે માત્ર એજન્ડા પરની જ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ નવી રચાયેલ પંચાયતમાં સભ્યો બિન-અનુભવી વધુ હોવાથી પ્રશ્નો રજુ થયા નહિ હોવાનું પંચાયતના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. જોકે બીજી વાત એવી પણ છે કે સભ્યોને પ્રશ્નોમાં નહિ પણ સમિતિઓની રચનામાં વધુ રસ છે.

જિલ્લામાં આચારસંહિતાના અમલને લઈ અટકી પડેલા વિકાસ કામો અંગે કોંગ્રેસ અને ભાજપના ભેદી મૌનથી જિલ્લાની જનતાએ આંચકો અનુભવ્યો છે.

સામાન્યસભામાં સભ્યોના અધિકૃત હેડક્વાટર્સને મંજૂરી આપવા ઉપરાંત એન.એ.ના ચાર કેસ અને સમિતિઓની રચનાનો મુદ્દો જ

**ગુણોત્સવમાં અધિકારીઓને ૪૩૮ પ્રશ્નો મળ્યા પણ ચૂંટાયેલા સભ્યો વિકાસના મુદ્દે પણ મૌન**

તાજેતરમાં સંપન્ન થયેલા ગુણોત્સવમાં અધિકારીઓને ૪૩૮ જેટલા પ્રશ્નો ગ્રામ્ય વિસ્તારના મળી આવ્યા છે. પરંતુ ચૂંટાયેલા સભ્યોને પ્રશ્નો કેમ ના મળ્યા તેવી ચર્ચા પણ ચાલી રહી છે.

છે. આ સભાને રૂટિન બેઠક ગણાવી રાજકીય પક્ષો કિનારો કરી રહ્યા છે. બન્ને પક્ષો દ્વારા આગામી દિવસોમાં સભ્યોની તાલિમ પર પણ વિચારણા કરી રહ્યાનું અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


**ગાંધીનગર માટે**
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com